# સંપાદકીય

## મિત્તલે ખેલદિલી બતાવવી જોઈએ

અદાલતમાં સૌ ખુલ્લા પડી જશે ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઈન્ડિયા (ટ્રાઈ)ના ગયા સપ્ટેમ્બરના મોબાઈલ ફોનના ઈન્ટરકનેક્ટ યુસેજ ચાર્જ (આઈયુસી) સંબંધી આદેશને અદાલતમાં પડકારવાની ધમકી મીડિયા સમક્ષ ઉચ્ચારીને ભારતી ઍરટેલના વડા સુનીલ ભારતી મિત્તલે બાર્સિલોનામાં યોજાયેલી મોબાઈલ વર્લ્ડ કૉંગ્રેસની પરિષદમાં તમાશો કર્યો છે. ઍરટેલના વડા આ દિશામાં આગળ વધે તો તેમને વોડાફોનનો અને આ બન્નેનું જેના ઉપર વર્ચસ્વ છે તે સેલ્યુલર્સ ઑપરેટર્સ ઍસોસિયેશન ઑફ ઈન્ડિયા (સીઓએઆઈ)નો સાથ મળવાની શકયતા છે. વોડાફોનના વિત્તરીઓ કોલાઓએ તો એક ડગલું આગળ વધીને કહ્યું છે કે ટ્રાઈનો આ આદેશ રિલાયન્સ જિઓની તરફેણ કરે છે. બજાર અગ્રણીઓની આ મનોદશા ગ્રાહક વિરોધી છે. ટ્રાઈએ ગયા સેપ્ટેમ્બરમાં મોબાઈલથી મોબાઈલ કોલ કરવાના દર પ્રતિ મિનિટના ૬ પૈસા કરીને સીધો ૫૭ ટકાનો ઘટાડો કર્યો તેથી મોટા ભાગના ટેલિકોમ ઑપરેટર્સએ આ આદેશને આક્રમક (પ્રિડેટરી) ભાવ નીતિવાળો કહ્યો અને તેઓ ટ્રાઈની વિરુદ્ધ થઇ ગયા છે, પરંતુ ટેલિકોમ બજારનાં સમીકરણો બદલાવા માટે ટ્રાઈને દોષ દઈ શકાય એમ નથી, કારણ કે આ આદેશની પહેલાં જ નવા આવેલા ઑપરેટર રિલાયન્સ જિયોએ તેના કોલ ચાર્જિસ ઘટાડીને બજારમાં તરખાટ મચાવ્યો હતો. આ મામલો અદાલતમાં પહોંચ્યો તો સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ જશે. ભારતનો સામાન્ય નાગરિક પણ કહે છે કે નિયામનકારની દરમિયાનગીરી ન હોત તો આજે પણ એક સમયે એક મિનિટના ૧૬ રૂપિયાનો ચાર્જ વસૂલતા ઑપરેટર્સ દ્વારા ગ્રાહકોનું શોષણ ચાલુ જ રહ્યું હોત. આ ચાર્જ આજે ઘટીને સામાન્ય લોકોની પહોંચમાં આવ્યા છે જેના માટે તેઓ યશ આપે છે રિલાયન્સે આપેલી સ્પર્ધાને. જે લોકો લખી શકતા નથી તેઓ બોલી જરૂર શકે છે તે કોઠાસૂઝના આધારે સ્વ. ધીરુભાઈ અંબાણીએ પુત્ર મુકેશને મોબાઈલ ફોન સેવા ઉપલબ્ધ કરવા પ્રેર્યા અને આજે સ્પર્ધા એવા તબક્કે પહોંચી છે જેમાં ગ્રાહક નક્કી કરી શકે છે કે તેણે ક્યા ઑપરેટરની મોબાઈલ સેવા વાપરવી છે. અદાલતમાં તેઓ જાય એવું આપણે ઈચ્છીએ, કારણ કે તેમાં બજારમાં કોનું વર્ચસ્વ છે અને દર આટલા ઘટ્યા પછી પણ તેઓ કઈ રીતે ટકી રહ્યા તે જણાઈ આવશે. એ ખરું કે રિલાયન્સ જિઓના આગમન પછી દેશના ટેલિકોમ બજારમાં ઊથલપાથલ થઈ છે, મોટા પરંતુ સેવામાં ઊણા ઊતરતા ઍરસેલ જેવા ઑપરેટર્સએ નાદારી નોંધાવવી પડી અને મોટા ખેલાડીઓએ હાથ મિલાવવા પડ્યા છે, પણ આ તો બજારનો નિયમ છે. જ્યાં સુધી એક-બે કે થોડા ઑપરેટર્સની બજાર ઉપર વર્ચસ્વ સ્થપાય નહિ ત્યાં સુધી સરકાર અને અદાલતે તીરે ઊભીને તમાશો જોવો જોઈએ. મુક્ત બજાર સ્પર્ધામાં પણ માગ-પુરવઠાના નિયમોનું પાલન સ્વચ્છંદી રીતે થઈ શકે નહિ. તેમાં એક તબક્કે વેચનાર અને ખરીદનાર વચ્ચે સમતુલા જરૂરી બને છે. આજે બજારમાં આ સમતુલા સ્થપાઈ છે ત્યારે મોટા ઑપરેટર્સએ ખેલદિલીપૂર્વક રમવું અને અંચઈ...અંચઈની ખોટી બુમરાણ મચાવવી જોઈએ નહિ. રિલાયન્સ જિઓના ૨૦૧૬ના સપ્ટેમ્બરમાં આગમનમાં બાધા નાખવા માટે ઍરટેલ અને વોડાફોને તમામ દાવપેચ અજમાવ્યા હતા. હવે મિત્તલ ધંધો કરવાના બંધારણે આપેલા અધિકારની વાત કરે છે. મિત્તલ અને કોલાઓને ગ્રાહકો જાળવી રાખવાની ચિંતા હોય તો તેમણે ભાવ અને સેવાનું સંતુલન રાખવું પડશે. જરૂરી નથી કે ગ્રાહક જેના દર સૌથી ઓછા હોય તેની સેવાને જ પસંદ કરે. રિલાયન્સ જિઓએ પણ જો આ બજારમાં લાંબો સમય ટકી રહેવું હશે તો તેણે પણ ગુણવત્તાવાળી સેવા અને વ્યાજબી દરનું સંતુલન કરીને રહેવું પડશે.

# મહાત્મા ગાંધીની હત્યામાં બ્રિટિશ ગુપ્તચર એજન્સીના કાવતરાનો તર્ક

દેશના રાષ્ટ્રપુરુષોનાં મૃત્યુ કે હત્યાનાં કથિત રહસ્યો અંગે વાદવિવાદ ચાલુ જ રહે છે. હમણાં વધુ એક વાર મહાત્મા ગાંધીની હત્યાના કથિત વણઉકલ્યા રહસ્યની વાતને આગળ કરીને, એક સાવરકરવાદી સંશોધક અને 'અભિનવ ભારત'ના ટ્રસ્ટી ડૉ. પંકજ કુમુદચંદ્ર ફડણીસ, હત્યાના ખટલાને ફરીથી ખોલવાની વિનંતી સાથે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. સદનસીબે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ એસ. એ. બોબડે અને એલ. નાગેશ્વર રાવે આવા સંવેદનશીલ પ્રકરણ અંગે અદાલતના મિત્ર (ઍમિકસ ક્યુરી) તરીકે અમરેન્દ્ર શરણને નિયુક્ત કરીને એમનો અહેવાલ મેળવી લીધો છે. આશ્ચર્યજનક મુદ્દો એવો નોંધવામાં આવ્યો છે કે મહાત્માની હત્યા માટે નથુરામ ગોડસે ઉપરાંત જે બીજી કથિત વ્યક્તિએ ગોળી છોડી હોવાનો દાવો કરનાર વ્યક્તિને પોતે તબીબી સારવાર આપી હતી, એવું સોગંદનામું ડૉ. નેનેએ રજૂ કર્યું છે. અદાલતમિત્રનો અહેવાલ તૈયાર થયા પછી ડૉ. નેનેનો ૨ ડિસેમ્બર ૨૦૧૭નો પત્ર અને સોગંદનામું ૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ મળ્યાની નોંધ એમણે અહેવાલના અંતમાં કરી છે. અદાલતમિત્ર આ સોગંદનામાને '૬૦ વર્ષ પછી કરાયેલા અને સાંભળેલી વાત પર આધારિત' હોવાથી ધ્યાને લેવાપાત્ર અને વિશ્વસનીય લેખતા નથી.

અદાલતના મિત્ર એવા વરિષ્ઠ ધારાશાસ્ત્રી શરણે આપેલો ૩૬ પાનાનો અહેવાલ હવે જાહેર થયો છે. એમાં દર્શાવેલી વિગતો અરજદારની, અગાઉ જૂન ૨૦૧૬માં મુંબઈની વડી અદાલતે ફગાવેલી આવી અરજીમાં તથ્ય નહીં હોવાની વાતને અનુમોદન આપે છે. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ અદાલતે અરજદારને તેણે ન્યૂ યોર્કની લાઈબ્રેરી કૉંગ્રેસમાંથી મેળવેલા મનાતા દસ્તાવેજો રજૂ કરવા માટે તક આપી. હવે આગામી ૬ માર્ચે આ મામલો અદાલત સમક્ષ કેવો વળાંક લે, એના ભણી સૌની મીટ મંડાયેલી છે. સર્વોચ્ચ અદાલત આ ખટલાને ફરી ખોલવાયોગ્ય ઠરાવે તો મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર અરુણ મણિલાલ ગાંધી એમાં પોતાને પણ જોડવામાં આવે, એવી તૈયારી કરી ચૂક્યા છે.મુંબઈનિવાસી તુષારે મહાત્માની હત્યાના સંદર્ભમાં વિશદ અભ્યાસ કરીને "લેટ્સ કિલ ગાંધી" નામક દસ્તાવેજી ગ્રંથ લખ્યો છે.

ગોડસે-આપ્ટેને ફાંસી, સાવરકર છૂટી ગયા

૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સાંજના ૫.૧૫ કલાકે નથુરામ ગોડસેએ છોડેલી ત્રણ ગોળીથી રાષ્ટ્રપિતાની હત્યા કરાયાનું સેશન્સ કોર્ટ અને વડી અદાલતમાં પૂરવાર થયા પછી ૨૧ જૂન ૧૯૪૯ના રોજ દોષિત જાહેર થયેલા અને મૃત્યુદંડની સજા પામેલા નથુરામ ગોડસે અને નારાયણ આપ્ટેને ૧૫ નવેમ્બર ૧૯૪૯ના રોજ ફાંસી અપાઈ હતી.આ ખટલાના ૬ પ્રત્યક્ષદર્શીઓ હતા. હિંદુ મહાસભાના સર્વોચ્ચ નેતા વિનાયક દામોદર સાવરકર સહિત કુલ ૧૨ જણાને આરોપી દર્શાવાયા હતા. ગોડસે અને આપ્ટે ઉપરાંત વિષ્ણુ કરકરે, મદનલાલ પાહવા, શંકર કિસ્તય્યા, ગોપાલ ગોડસે (નથુરામનો ભાઈ), દત્તારામ પરચુરે, દિગંબર બડગે, ગંગાધર દંડવતે, ગંગાધર જાધવ અને સૂર્યદેવ શર્મા. નથુરામ અને આપ્ટેને ફાંસીની સજા થઇ હતી. કરકરે, પાહવા અને ગોપાલને આજીવન કેદ, સાવરકરને નીચલી અદાલતમાં જ છોડી મૂકાયા હતા. બડગેએ તાજના સાક્ષી થવાનું પસંદ કર્યું હતું, જ્યારે બાકીના ત્રણ આરોપી ભાગેડુ જાહેર થયા હતા. ગાંધીજીની હત્યામાં ગોળી છોડનાર નથુરામ ઉપરાંત અન્ય વ્યક્તિ પણ હોવાની શંકા ઉપરાંત ત્રણ ગોળીને બદલે ચોથી ગોળી મળ્યા વિશે પ્રશ્નો ઊભા કરાતાં વર્ષ ૧૯૬૬માં ભારત સરકારે નિયુક્ત કરેલા જીવણલાલ કપૂર તપાસ પંચને પણ એ બાબતમાં કોઈ તથ્ય જણાયું નહોતું.

ત્રીજી ગોળી બાપુનાં કપડાંમાંથી મળી

સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન ખટલામાં ચાર ગોળી મળ્યાની તથા નથુરામ ઉપરાંત અન્ય વ્યક્તિએ પણ ગોળી છોડયાની વાતને આગળ કરવા ઉપરાંત બ્રિટિશ જાસૂસી તંત્ર થકી ઘડાયેલા મનાતા કાવતરાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગાંધીહત્યા પ્રકરણને લગતા હજારો પાનાંના દસ્તાવેજોનો અભ્યાસ કરીને અદાલતમિત્ર એવા તારણ પર આવ્યા છે કે અદાલતે ડૉ. ફડણીસની વાતને સ્વીકારવા યોગ્ય નથી. ગાંધીજીની હત્યા તેમની પર નથુરામે છોડેલી ત્રણ ગોળીથી થઇ હતી. ચોથી ગોળીનો સંબંધ હત્યા સાથે આવતો નથી, કારણ જયારે પોલીસ નારાયણ આપ્ટેને ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ ગ્વાલિયર લઇ ગઈ હતી ત્યારે તે ગ્વાલિયરમાં ડૉ. પરચુરેના ઘરના વાડામાંથી મળી હતી. નથુરામે માત્ર ત્રણ ગોળી ચલાવી, ત્રણ અવાજ થયા અને મહાત્માની હત્યા કર્યાની કબૂલાત આપી હતી. ગાંધીજીના શરીરમાં ત્રણ જ ગોળીનાં નિશાન હતાં. એક છાતીમાં વાગી હતી અને બે પેટમાં વાગી હતી. સ્થળ પરથી બે ગોળી અને ત્રણ ખાલી કાર્ટીઝ મળી હતી. મહાત્મા ગાંધીનું પોસ્ટમોર્ટમ થયું નહોતું, પણ એમને અંતિમ સ્નાન કરાવતી વખતે તેમનાં વસ્ત્રોમાંથી મળેલી ત્રીજી ગોળી એમના પુત્ર દેવદાસ ગાંધીએ પોલીસને સુપરત કરી હતી.

ગાંધીજીની જે તસવીર અરજદારે રજૂ કરી હતી, એ પણ ચાર ગોળી વાગ્યાની વાતને સમર્થન આપવા પ્રેરતી નથી. વળી, મોસ્કોમાં ભારતીય રાજદૂત વિજયાલક્ષ્મી પંડિતને નામે બ્રિટિશ કાવતરાની વાત કરાયાની બાબતને પણ અદાલતમિત્રની તપાસમાં સમર્થન મળતું નથી.

બ્રિટિશ કે અમેરિકી કાવતરાની નિરાધાર શંકા

અરજદારે બ્રિટિશ જાસૂસી સંસ્થા 'ફોર્સ ૧૩૬' થકી ગાંધીજીની હત્યાનું કાવતરું ઘડાયાની વાત અરજીમાં રજૂ કરી છે. એની પાછળનો તર્ક એવો આપ્યો છે કે જો ગાંધીજી જીવે તો પાકિસ્તાન જાય અને ભારત-પાક સંબંધોમાં સુધારો થાય તો બ્રિટિશ નિકાસને અવળી અસર પહોંચે. અદાલતમિત્રના અહેવાલમાં બ્રિટિશ કે અમેરિકી જાસૂસી સંસ્થા થકી રાષ્ટ્રપિતાની હત્યાનું કાવતરું ઘડાયાને આધાર વગરની શંકા દર્શાવી છે. નથુરામ સાથે સ્થળ પર સીઆઈએના એજન્ટ હર્બર્ટ રેઈનર હોવાની વાત પણ આધાર વગરની લાગે છે. હિંદુ મહાસભાના અધ્યક્ષ રહેલા સાવરકરનું મૃત્યુ ૧૯૬૬માં થયું અને તેઓ કપૂર પંચ સમક્ષ હાજર થઈ શક્યા નહોતા, પણ અગાઉ સાવરકર સાથે ગાઢ રીતે સંકળાયેલા ગોડસે અને આપ્ટેને નેહરુ સરકારને ટેકો આપવા અને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ રાષ્ટ્રધ્વજ ફરકાવવા જેવા મુદ્દે વીર સાવરકર સાથે મતભેદ થયાનું અહેવાલ નોંધે છે.

વલ્લભભાઈને બદનામ કરવાનો પ્રયાસ

અગાઉ પણ ગાંધીજીની હત્યા પાછળ કૉંગ્રેસના નેતા જ હતા, એવો તર્ક હિંદુ મહાસભા રજૂ કરતી રહી છે. જોકે એ વાતના પરપોટા સવેળા ફૂટતા રહ્યા છે. હિંદુ મહાસભાના નેતા અને ધારાશાસ્ત્રી બી. જી. કેસકરે 'હુ કિલ્ડ ગાંધીજી? નોટ ગોડસે, હુ ધેન?' નામની પુસ્તિકા લખીને ગાંધીજી પર ગોળી ચલાવનાર બીજી વ્યક્તિ કૉંગ્રેસી હતી અને તે ૧૯૭૮ સુધી જીવતી હતી, એવી વાત આગળ કરી હતી. મહાત્માની હત્યા પાછળ સરદાર પટેલનો હાથ હોવાના સંકેત તેમણે આપ્યા હતા. નેહરુ સરદાર પાસેથી ગૃહ ખાતું લઈને મૌલાના આઝાદને આપવા માંગતા હતા એવું જણાવીને કેસકરે નોંધ્યું છે કે 'સરદાર વલ્લભભાઈ પટેલને પરોક્ષ મદદ કરવા માટે નથુરામે ગાંધીજીની હત્યાની જવાબદારી સ્વીકારી હતી.' એક ડાબેરી નેતાએ પણ ગાંધીજીની હત્યા સાથે સરદારના નામને જોડાવાનો કેસકર જેવો જ હીન પ્રયાસ કર્યો હતો. આવા આક્ષેપના આઘાતમાં સરદારને હૃદયરોગનો હુમલો આવ્યો હતા. પોતે જેમને ભગવાન ગણ્યા એવા ગાંધીજીની હત્યા વિશે આવી શંકા જાગે એ પણ એમને દુઃખદ લાગ્યું હતું.

મહારાષ્ટ્રના મશહૂર ઈતિહાસકાર ડૉ. સદાનંદ મોરેએ 'લોકમાન્ય તે મહાત્મા'ના દ્વિતીય ખંડમાં આ બાબત વિગતે લખી છે. મહારાષ્ટ્રના કેટલાક હિંદુવાદીઓ તો રાષ્ટ્રપિતા જ નહી, સરદાર પટેલ અને પંડિત નેહરુની હત્યા કરવાના આગ્રહી હોવાનું એમણે સ્પષ્ટ કર્યું છે. '...મૂળે ભાગલાનો વિરોધ કરનાર ગાંધીને અવગણીને પાકિસ્તાનની

આભાર - નિહારીકા રવિયા

રચનાનો સ્વીકાર કરવામાં પટેલ નેહરુ સાથે હતા. રામમનોહર લોહિયાએ પણ તેમને વિભાજનના ગુનેગાર ગણાવ્યા છે.' એવું નોંધીને ડૉ. મોરે ઉમેરે છે કે ૨૭ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ હિંદુ મહાસભાના મહામંત્રી વિ. ઘ. દેશપાંડેએ કરેલા ભાષણમાં 'નેહરુ અને પટેલને ફાંસી થવી જોઈએ' એવું કહ્યાના સમાચાર 'નવશક્તિ'માં છપાયાનું ય. દિ. ફડકેએ નોંધ્યું છે. ફડકે નામવંત ઈતિહાસકાર ગણાય છે. નથુરામના હિટલિસ્ટ પર ગાંધી અને નેહરુ સાથે જ સરદાર પટેલનું નામ હોવાનું પણ ડૉ. મોરે નોંધે છે.કમનસીબે કેસકરની થિયરીઓ આજે પણ એક યા બીજા સ્વરૃપે ચર્ચામાં રહે છે. પ્રજાએ સમગ્ર બાબતમાં પોતાની રીતે નીરક્ષીર કર્યા વિના સોશિયલ મીડિયામાં ફેલાવાતી તથ્યહીન વાતો માનવાથી દૂર રહેવું.

## દિવ ગુજરાતનું નવું ગોવા બનશે



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દમણમાં લાઈવ વીડિયો દ્વારા એર ઓડિસાના દિવથી અમદાવાદ ફલાઈટ રૂટનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું. એર ઓડિશા વડાપ્રધાનના સ્વપ્ન કે દરેક હવાઈ ચપ્પલ પહેરનારા લોકો પણ હવાઈ મુસાફરી કરી શકે તે પરિપૂર્ણ કરશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના મંત્રી જયંત સિંહા પણ આજે દિવથી અમદાવાદ સુધીની સફર પેસેન્જર્સ સાથે કરી હતી.

જીએસઈસીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને એર ઓડિશાના મેનેજિંગ ડિરેક્ટર શૈશવ શાહે કહ્યું હતું, 'ઉડાન યોજના એક ઉત્કૃષ્ટ યોજાના છે જેનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં થયો છે જે અર્થતંત્રને તો વેગ આપશે જ પણ સાથે સામાન્ય નાગરિક પણ વધુ કિફાયત કિંમતમાં અને અનુકૂળ રીતે હવાઈ મુસાફરી કરી શકે છે અને અમને એ વાતનો આનંદ છે કે અમે દેશના ઉડ્ડયન ક્ષેત્રની આ ઐતિહાસિક પળનો હિસ્સો બન્યા છીએ.'

એર ઓડિશા એ ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ (જીએસઈસી), મોનાર્ક ગ્રૂપ અને એર ડેક્કનની સહભાગિતાનું સંયુક્ત સાહસ છે.મોનાર્ક ગ્રૂપના ચેરમેન ઉપરાંત એર ઓડિશાના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર હિમાંશુ શાહે કહ્યું હતું, 'અમને ઉડાનમાં સામેલ થવા અંગે ગૌરવ છે કેમકે હવે અમે ભારતના સામાન્ય લોકોને દેશના દરેક ખૂણે થતી પ્રવૃતિમાં સામેલ થવાની તક આપી શકીશું અને સેવા આપી શકીશું.'

એર ઓડિશાએ તેની સફર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમાન ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજનાના વિઝન સાથે શરૂ કરી છે. ઉડાનનો હેતુ દેશના સામાન્ય નાગરિકોને હવાઈ સફરનો લાભ કિફાયત રીતે અને વ્યાપક પ્રમાણમાં આપવાનો છે અને એર ઓડિશા આ લક્ષ્યને પરિપૂર્ણ કરવા સક્ષમ છે. (૧૯-૧૦)

## કરેરા ૨૦૧૮ની જાહેરાત ઝુંબેશ #ડ્રાઈવયોરસ્ટોરી વિથ રણવીર સિંઘ




વૈશ્વિક લાઈફસ્ટાઈલ બ્રાન્ડ કરેરાએ બ્રાન્ડ એમ્બેસેડર રણવીર સિંઘ સાથે તેની નવી ૨૦૧૮ નીકેમ્પેઈન #ડ્રાઈવયોર સ્ટોરી રજૂ કરી છે.

પરફેક્ટ અને પોલિશ્ડ પિક્ચર્સને બદલે રો પોર્ટ્રેઈટ્સ.

કૃત્રિમ લાઈટિંગ નહીં, ફક્ત કેમેરા ફ્લેશ.

બ્રાન્ડના જોશને ઉત્તમ રીતે આલેખિત કરતી સમકાલીન વારતા નિર્માણ કરવા માટે આ કરેરા #ડ્રાઈવયોર સ્ટોરી કેમ્પેઈનનાં ઘટકો છે. રણવીર સિંઘ નવું સિગ્નેચર કલેકશન પહેરે છે, જે શહેરી એટિટ્યુડના જોશ સાથે બારીકાઈ માટે ઈટાલિયન ડિઝાઈન, લાઈટ વેઈટ મટીરિયલ્સ અને આર્ટિશનલ કેરને જોડે છે. સુંદર રીતે ઘડવામાં આવેલા અને ફિટ એન્ડ સ્ટાઈલ વચ્ચે ઉત્તમ રીતે અનુકૂળ આ સ્ટાઈલ્સ તમને ટોળામાં અનોખા તારવે તે રીતે તૈયાર કરવામાં આવી છે.

કરેરા #ડ્રાઈવ યોર સ્ટોર કેમ્પેઈન વિશે બોલતાં આઈએમઈએના મેનેજિંગ ડાયરેક્ટર અને સાફિલો ગ્રુપ માટે એપીએસી કાયરિયાકોઝ કોફિનાઝ કહે છે, રણવીર સિંઘ સાથે સહયોગનું આ અદભુત વર્ષ રહ્યું છે અને બ્રાન્ડમાં ચમત્કારી રુચિનો તેણે ઉમેરો કર્યો છે. અમને રણવીર સાથે અમારું સિગ્નેચર કલેકશન રજૂ કરીને વર્ષની શરૂઆત કરવામાં ખુશી થાય છે. અમે આજની પેઢીને સ્પર્શે તેવી નાવીન્યપૂર્ણ કેમ્પેઈન્સ અને કલેકશન્સ સતત રજૂ કરવા પર ભાર આપીએ છીએ.

## કૌભાંડીઓ પર સકંજો

કૌભાંડ કરીને વિદેશ ભાગનારા વિરુદ્ધ કેન્દ્રીય કેબિનેટે એક તરફ જ્યાં એક એવા ખરડાના મુસદ્દાને મંજૂરી આપી જે ભાગેડુઓની સંપત્તિ જપ્ત કરવામાં સહાયક બનશે, ત્યાં જ ફાઈનેન્શિયલ રિપોર્ટિંગ ઓથોરિટીની રચનાનો પણ રસ્તો સાફ કર્યો. આ નિગમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સાથે સાથે ઓડિટ કંપનીઓના કામકાજ પર પણ નજર રાખશે. ઓડિટ કંપનીઓના નિરાશાજનક વલણ બાદ એવા કોઈ નિગમની જરૂરિયાત વધી ગઈ હતી. ઓડિટ કંપનીઓ ચાહે જે સફાઈ આપે, તેમાં કોઈ બેમત નહીં કે નાણાંકીય ગરબડ રોકવા મામલે તેમની ભૂમિકા બહુ દયનીય રહી છે. બહેતર રહેશે તેઓ ફરિયાદને બદલે પોતાની કમજોરીઓ પર ધ્યાન આપે. આશા રાખવી જોઈએ કે સરકાર તરફથી ઉઠાવવામાં આવેલ તાજું પગલું કૌભાંડીઓના મનસૂબા પર પાણી ફેરવવાનું કામ કરશે. સારું થાત કે આ પગલું પહેલાં જ ઉઠાવવામાં આવ્યું હોત, કારણકે કૌભાંડીઓના વિદેશ ભાગવાનો સિલસિલો એક અરસાથી ચાલુ છે. કેન્દ્ર નીતિ-નિયંતા હવે એ જુએ કે કૌભાંડીઓ અને તેમની મદદ કરનારાઓ વિરુદ્ધ કયાં પગલાં ભરવાની જરૂર છે, કારણ કે હજુ તો એવું લાગે છે કે નિયામક અને નિરીક્ષણ તંત્ર ડાળીએ ડાળીએ છે તો ભ્રષ્ટાચારી તત્ત્વો પાંદડે પાંદડે! એ પણ જોવાની જરૂર છે કે આર્થિક અપરાધી અદાલતી પ્રક્રિયાનો દુરુપયોગ કરી ન જાય. અદાલતો માટે એ જરૂરી છે કે તેઓ આર્થિક અપરાધીઓ પર સકંજો કસવામાં સખ્તાઈ રાખે. ખબર નહી એના પર પહેલ કયા સ્તરે થશે, પરંતુ એ વિચિત્ર છે કે જ્યારે ન્યાયપાલિકા એમ ઈચ્છી રહી છે કે લોકપાલની રચના જલ્દી થાય, ત્યારે કોંગ્રેસે તેમાં અડચણ ઊભી કરવાનું કામ કર્યું. લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ લોકપાલની નિયુક્તિ માટે પસંદગી સમિતિની બેઠકમાં જવાને બદલે જે રીતે વડાપ્રધાનને પત્ર લખીને પોતાનો અસંતોષ વ્યક્ત કરવામાં રસ રાખ્યો, તેનાથી એવું લાગે છે કે તેમનો ઉદ્દેશ્ય આ મામલે રાજકારણ કરવાનો વધારે હતો. તેમણે બેઠકમાં સામેલ થયા વિના જ એ નિષ્કર્ષ કાઢી લીધો કે સરકાર વિપક્ષના અવાજને દબાવવાની કોશિશ કરી રહી છે. શું તેઓ એમ કહેવા માંગતા હતા કે આ કોશિશમાં લોકસભા અધ્યક્ષની સાથે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પણ સામેલ છે? ખબર નહી તેઓ શું દર્શાવવા માંગે છે, પરંતુ એ ઠીક નથી કે જ્યારે લોકપાલની રચનામાં પહેલાં જ વિલંબ થઈ રહ્યો છે, ત્યારે તેમણે વધુ મોડું થાય તેવું બહાનું કાઢ્યું. એ સારું થાત કે તેઓ ઉપરોક્ત બેઠકમાં સામેલ થયા હોત અને પછી પોતાની સહમતી કે અસહમતી વ્યક્ત કરી હોત. આખરે તેઓ બેઠકમાં ગયા વિના એ નિષ્કર્ષ પર કઈ રીતે પહોંચી ગયા કે લોકપાલ પસંદગી પ્રક્રિયાથી વિપક્ષને અલગ કરવાની કોશિશ થઈ રહી છે? એવું લાગે છે.

કે કોંગ્રેસ લોકસભામાં પોતાના નેતાને નેતા વિપક્ષનો દરજ્જો નહિ મળવાથી પરેશાન છે, પરંતુ શું આ પરંપરા તેણે જ નથી બનાવી કે સંખ્યાબળના અભાવે સૌથી મોટા વિપક્ષી દળને નેતા પ્રતિપક્ષનું પદ નહી મળે? જો કોંગ્રેસ લોકપાલ રચવા મુદ્દે ગંભીર હોય તો તેણે અસહયોગનું વલણ છોડવું જોઈએ.

## કેનેડિયન મિનિસ્ટરે લોંચ કરી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે 'મેપલ એસિસ્ટ એપ્સ'



મેપલ એસિસ્ટ ઈન્કે. શાનદાર મોબાઈલ એપ્લિકેશન લોંચ કરી છે. આ એ બધા વિદ્યાર્થીઓ માટે વન સ્ટોપ સોલ્યુશન હશે, જે કેનેડામાં હાયર સ્ટડીઝમાં દિલચસ્પી રાખે છે. તેનાથી વિદ્યાર્થીઓને કેનેડાની કોલેજો અને યુનિવર્સિટીના સંબંધની સારી જાણકારી મળશે, જે તે લોકો જાણવા માંગે છે. આ એપ ભારતમાં વિકસિત કરવામાં આવી. મેપલ એસિસ્ટ એપનો ઓંટારિયોના ૪ મુખ્ય કોલેજો, ડરહમ કોલેજ, ફૈનશોવ કોલેજ, જાર્જિયન કોલેજ અને સેંટ ક્લેયર કોલેજનું સમર્થન હાંસલ છે. કેનેડામાં ભણલાની ઈચ્છા રાખવાવાળા ૧ લાખથી વધારે વિદેશી સ્ટુડેન્ટ્સ સુધી આ એપની પહોંચવાની સંભાવના છે, જેમાં ભારત, ચીન, ફિલીપાઈન્સ, જાપાન, બ્રાઝિલ અને મેક્સિકોના વિદ્યાર્થીઓ સામેલ છે. આ નવા વેંચરને સ્કૉટિયા બેન્ક, એર ઈન્ડિયા, એચડીએફસી ક્રેડિલિયા અને ઇંડો-કેનેડિયન બિઝનેસ ચેમ્બર(આઇસીબીસી)નો પણ સપોર્ટ હાંસલ છે મેપલ એપને કેનેડાના ઈનોવેશન, સાયનસ અને ઈકોનોમિક ડેવલપમેન્ટના મંત્રી શ્રી નવદીપ બૈંસે લોન્ચ કરી.

મેપલ એસિસ્ટ એપના સંસ્થાપક અને સીઈઓ અને આ એપના પાછળની ડ્રાઈવિંગ ફોર્સ રહેલાં વિનય ચૌધરીએ કહ્યું કે કેનેડામાં ખુદ ઈન્ટરનેશનલ સ્ટુડેન્ટ હોવાના લીધે તેમને વિદેશમાં શિક્ષણ મેળવવા તણાવને ખુબ જ સહન કર્યો છે. જ્યારે ત્યાં કેનેડાની કોલેજ લાઈફમાં પોતાને સેટલ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે મેપલ એસિસ્ટ એપ કેનેડામાં ભણવાની ઈચ્છા રાખવાવાળી દુનિયાભરના સંભવિત સ્ટુડેન્ટને તણાવ મુક્ત વાતાવરણ અને શાનદાર સફર માટે બધી જાણકારી તેમની ફિંગર ટીપ્સ પર જાણકારી આપશે. વિશ્વાસ છે કે મેપલ એસિસ્ટ એપ આગળના વર્ષોમાં કેનેડામાં કેટલીક કોલેજ અને યુનિવર્સિટીને પોતાની ભાગીદારી બનાવશે. (૧૯-૧૦)

## વિશ્વ કેન્સર દિવસે 'આઈ કેન,વી કેન'- એચસીજી તરફથી એક નવીન પહેલ

**અમદાવાદ:** કેન્સર કેરમાં સ્પેશિયાલિસ્ટ એચસીજી દ્વારા વિશ્વ કેન્સર દિન- ૪ ફેબ્રુઆરીના રોજ 'આઈ.કેન.વી કેન' ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશમાં વિવિધ શાળાઓ, કોલેજો, સંગઠનો, કોર્પોરેટ કંપનીઓ અને અન્ય સંસ્થાઓને કેન્સર સામે જાગૃતિનો સંદેશ આપતી એક હ્યુમન એરિઅલ આર્ટનું સર્જનકરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશના પ્રારંભ માટે ૩ ફેબ્રુઆરીના રોજ સમગ્ર ભારતમાંથી કેન્સરને માત આપનારા ૨૦૦ જેટલા લોકોએ એકઠા થઈને તેમણે એક વિશાળ હ્યુમન કેન્સર રિબનનું સર્જન કર્યુ. આ રીતે તેમણે કેન્સર સામેની લડાઈમાં આશાની શક્તિ દર્શાવી. એક મહિના સુધી ચાલનારી આ ઝુંબેશનો હેતુ સમાજમાંકેન્સર માટે જાગૃતિ કેળવવાનો અને લોકોને કેન્સર પ્રત્યે સંવેદનશીલ બનાવીને સાથે મળીને આપણે કેન્સરને હરાવી શકીએ. એવો સંદેશ આપ્યો.

'આઈ.કેન.વી કેન' ઝુંબેશમાં વ્યક્તિગત રીતે તથા સામુહિક રીતે વિશ્વ પરનું કેન્સરનું ભારણ ઘટાડવા માટે આપણે શું કરી શકીએ તે દર્શાવીને કેન્સર અંગે જાગૃતિ કેળવીને કેન્સરના સમયસર સ્કીનિંગ માટે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. વિવિધ સ્કૂલના ૫૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ એકત્રિત થઈ હ્યુમન એરિયલ આર્ટ દ્વારા કેન્સરની જાગૃતિ વિષેના વિભિન્ન વિભિન્ન સંદેશ આપ્યા. શ્રેષ્ઠ ૧૨ એન્ટ્રીસમાંથી સમુહ મતદાન દ્વારા કેવલ ૩ સર્વોત્તમ એન્ટ્રીસને નિર્ધારિત કરવામાં આવ્યાં. જેમાં જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ પ્રથમ સ્થાને રહી વિજેતા બનીને રૂા. ૩૧,૦૦૦/- નું ઈનામ જીત્યું. ત્યાર બાદ સત્વવિકાસ સ્કૂલ બીજા સ્થાને રહીને રૂા. ૨૧,૦૦૦/- ની રકમ જીતી અને અંતેશ્રી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ત્રીજા સ્થાને રહીને રૂા. ૨૧,૦૦૦/-ની રકમ જીતી. તે ઉપરાંત પ્રશંસા સ્વરૂપે બધા જ ભાગ લેનાર ને એક ફોટો ફ્રેમ જેમાં એ સ્કૂલના પોતાના હ્યુમન એરિયલ આર્ટની ફોટો હતીતે ભેંટ તરીકે આપવામાં આવી, એચસીજી હંમેશાસ્વસ્થ્ય સમાજનું નિર્માણ કરવા માટે કાર્યરત છે અને આ નવીન સ્પર્ધા યુવા પેઢી પાસે લઈ જવાના હેતુ મજબુત પાયાનું નિર્માણ કરવાનું છે. કેન્સર ની સારવાર સર્વાંગી મેડિકલ અભિગમ તથા હકારાત્મક વલણથી થઈ શકે છે. 'આઈ.કેન.વી કેન' દ્વારા અમે લોકોને એવું વિચારવા પ્રોત્સાહિત કરવા માંગીએ છીએ કે સમયસર સ્ક્રીનિંગ અને સ્વસ્થ જીવન શૈલા જાણવીને કેન્સરને હરાવી શકાય છે.

## જૂનાગઢ જિલ્લામાં માધ્યમિક શિક્ષણ બોર્ડ યોજીત પરીક્ષાઓ અંગે રીવ્યુ બેઠક યોજાઈ

**જૂનાગઢ,** સમગ્ર રાજયની સાથે જુનાગઢ જિલ્લામાં તા. ૧૨ થી ૨૮ માર્ચ દરમ્યાન યોજાનાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાની પરીક્ષાઓ સંદર્ભે જૂનાગઢ જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક આજે કલેકટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા ડો. રાહુલ ગુપ્તાના વડપણ તળે યોજાઈ હતી. બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી પી.વી. અંતાણી, અને જિલ્લા પરીક્ષા સમિતિનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ જિલ્લામાં ધો-૧૦ની પરીક્ષા માટે ૧૧૦ બિલ્ડીંગોનાં ૧૦૯૦ બ્લોકમાં ૨૪ પરીક્ષા કેન્દ્ર પરથી ૩૨૭૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫ પરીક્ષા કેન્દ્રોનાં ૫૭ બિલ્ડીંગોનાં ૫૬૧ બ્લોકમાં ૧૬૮૩૦ પરીક્ષાર્થી પરીક્ષા આપનાર છે. ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં જૂનાગઢ સેન્ટરમાં ૧૪ બિલ્ડીંગ, વંથલી સેન્ટરમાં બે બિલ્ડીંગ, માંડાવડ તા. વિસાવદર ખાતે બે બિલ્ડીંગ, અને વિસણવેલ ખાતે બે બિલ્ડીંગનાં મળીને ૨૫૧ બ્લોકમાં ૫૦૨૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે આમ ધો-૧૦ અને ધો-૧૨ બન્ને પ્રવાહના મળીને ૪૩ પરીક્ષા કેન્દ્રોના ૧૮૭ બિલ્ડીંગોના ૧૯૦૨ બ્લોકમાં ૫૪૫૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.કલેકટરશ્રી ડો. રાહુલ ગુપ્તાએ પરિક્ષા સમીતિના સભ્યોને પરીક્ષા દરમ્યાન પરીક્ષા વ્યવસ્થામાં ક્યાંય પણ લેશ માત્ર કચાશ ના રહે અને સઘન ઝુંબેશનાં રૂપે વ્યવસ્થાપન ગોઠવવા સુચનાઓ આપવામા આવી હતી. નિવાસી અધિક કલેક્ટરશ્રી પી.વી. અંતાણીએ પરીક્ષાઓમા થતી ગેરરીતીને થતી અટકાવવા જાહેરનામાની કડક અમલવારી કરવા અમલીકરણ અધિકારીઓને સુચનાઓ આપી હતી.

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી દિવસોમાં યોજાનાર ધો- ૧૦ અને ધો-૧૨ વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ યોજાવાની છે ત્યારે બેઠકમાં શીક્ષણની ગુણવત્તા સુધારવા અને પરીક્ષાનું સફળ સંચાલન કરવા વ્યહ રચના અંગે ચર્ચા કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા સ્કોવોર્ડની રચના કરવામાં આવી નથી ત્યારે દરેક પરીક્ષા કેન્દ્રોમાં સી.સી.ટી.વી. કેમેરાથી થતા રેકોડ'ગનું ઝોન કક્ષાએ મોનીટરીંગ, પરીક્ષા મથકો આસપાસ સાવચેતીના ભાગ રૂપ સલામતિ વ્યવસ્થાઓ, દરેક પરીક્ષા મથકો પર સુચનપેટી રાખવી, પરીક્ષા મથકોમાં મોબાઈલ પર સદંત્તર પ્રતિબંધ, પરીક્ષાર્થીઓને માર્ગદર્શન માટે કાઉન્સેલીંગ સેન્ટર, બ્લોકની બહાર પીવાના પાણીની ઉપલબ્ધી, લખાયેલી ઉત્તરવહીઓ સીલબંધ પાર્સલમાં સુરક્ષીત લાવવા લઈ જવા પોલીસગાર્ડની વ્યવસ્થાઓ, પરીક્ષા દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા પરીક્ષાર્થીઓની આવન જાવન સહુલીતો, પરીક્ષાર્થી પરીક્ષા મથકે પહોંચે ત્યારે ફુલ-સાકર અને ગોળધાણાથી કુમકુમ તિલક દ્વારા સ્વાગત કરવુ, પરીક્ષા કેન્દ્રમાં વિજપુરવઠાનું સતત જળવાઈ રહેવુ, જાહેર પરીક્ષામાં બોર્ડની સુચના મુજબ લહીયાઓ આપવાની વ્યવસ્થાઓ કરવી, સ્થળ સંચાલક/સરકારી પ્રતિનીધીને ખાનગી ડાયરી નિભાવવી, પરીક્ષા કેન્દ્રના સફળ સંચાલન માટે પરીક્ષા સાથે સંકળાયેલ તમામને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપવી, પરીક્ષા કેન્દ્રો સાથે સંકળાયેલ હોય તેમનું રજીસ્ટર નિભાવવુ અને મુવમેન્ટ રજીસ્ટર પણ રાખવાની વ્યવસ્થાઓ કરવી સહિતની બાબતો પર ચર્ચા સમિક્ષા બાદ સુચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા આચાર્ય સંઘનાં પ્રમુખશ્રી જેન્તીભાઈ ભાલોડીયા, માહિતી વિભાગના અશ્વિન પટેલ, ઉચ્ચત્તર માધ્યમિક સંઘનાં પ્રમુખ ધીરુભાઈ રામાણી, જિલ્લા માધ્યમિક સંઘનાં પ્રમુખશ્રી અશોકભાઈ ખુમાણ, એવોર્ડ વિજેતા શીક્ષકશ્રી એલ.વી.જોષી, પ્રાથમિક શીક્ષણાધિકારીશ્રી પટેલ, આરોગ્ય અધિકારી ડો. સી.એ. મહેતા સહિત પરીક્ષા સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણાધિકારી બી.એસ.કૈલાએ પરીક્ષા સબંધી વિગતો આપી હતી.

# એશિયન પેઈન્ટ્સ કલરનેક્સ્ટની ડેકોર ટ્રેન્ડ્સ જાહેર કર્યા: પેશન ફ્લાવરને કલર ઓફ ધ યર જાહેર કર્યો



**અમદાવાદ,** છેલ્લા સાત દાયકાથી એશિયન પેઈન્ટસ ઘણા બધા ઉદ્યોગોને તેઓ કલર, ફિનિશ, ટેક્સચર્સ અને મટીરિયલ્સ સાથે જે રીતે સંબંધ જોડે છે તે પદ્ધતિઓ પ્રેરિત કરતી કલર્સ અને ડિઝાઈનની પ્રોફેશનલ ક્રિયેટર્સ અને ક્યુરેટર્સ તરીકે આગેવાન રહી છે. વાર્ષિક કલર અને ડેકોર પ્રવાહના વરતારોના ભાગરૂપ એશિયન પેઈન્ટ્સ દ્વારા કલરનેક્સ્ટ ૨૦૧૮ જાહેર કર્યું હતું, જેમાં તેણે આગામી વર્ષ માટે ડિઝાઈન ઉદ્યોગને પ્રેરિત કરનાર બહુપ્રતિક્ષિત કલર ઓફ ધ યર અને ચર કલાર અને ડેકોર પ્રવાહો જાહેર કર્યા છે.

પેશન ફ્લાવર ચાર પ્રવાહ તરીકે સુંદર બિઝી કૂલ, અલ્કેમી ઓફ મેમરીઝ, હ્યુમન અને અનટેમ્ડ સાથે કલર ઓફ ધ યર ૨૦૧૮ તરીકે જાહેર કરાયો છે. આ વરતારો આખું વર્ષ ચાલેલા વૈજ્ઞાનિક અધ્યયનનું પરિણામ છે, જે ભારતના ટોચના ડિઝાઈનરો, આર્કિટેક્ટો, નામાંકિત સોશિયોલોજિસ્ટો અને જાહેરાત વ્યાવસાયિકોની નિષ્ણાત પેનલ દ્વારા હાથ ધરાયું હતું. તેમાં નવા રંગોના પ્રભાવોની વાટ જોતી દુનિયાને ધ્યાનમાં લઈને વિચારપૂર્વકના મુદ્દાઓ અને પ્રવાહનું વિશ્લેષણ સંકળાયેલું છે.

આ વર્ષે કલર ઓફ ધ યર પેશન ફ્લાવર ગોલ્ડ- ટિંગ્ડ રે ઓફ હોપ છે, જે પૃથ્વીના હાર્દથી વ્યક્તિના અસ્તિત્વના હાર્દ સુધીની આશાનું કિરણ છે. આ સુંદર રંગમાં ઉષ્માભર્યા ખુલ્લાપણા સાથે અંબરની ચમક છે, જે ખોજ પ્રેરિત કરે છે. તે દિવસ દરમિયાન અત્યંત શાંતિથી રિસેપ્ટિવ રહે છે અને શેડમાં રિફ્લેક્ટિવ રહે છે. પેશન ફ્લાવર હકારાત્મકતા આકર્ષે અને છોડે છે. (૨૨-૧)

# સ્વામી રામદેવએ ક્રાંતિપ્રકાશજાને ચાખડી ભેટ આપિ



ડિસ્કવરી જીતના આત્મકથારૂપ શ્રેણી સ્વામી રામદેવઃ એક સંઘર્ષ સમગ્ર દેશમાં તમામ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. યંગ અભિનેતા ક્રાંતિપ્રકાશ ઝા , જે ટેલિવિઝન પર સ્વામી રામદેવની પ્રતિષ્ઠિત ભૂમિકા ભજવતા હોય છે, તે અક્ષરની ચામડીમાં પ્રવેશવા માટે કશું ઉપાડ્યું નથી. ક્રાંતિપ્રકાશ ઝા યોગ ગુરુ હેઠળ પોતાની જાતને તાલીમ માટે હરિદ્વાર મુલાકાત લીધી હતી અને તેમના સમર્પણ સાથે પ્રેક્ષકો પ્રભાવિત થયા છે.

સ્વામી રામદેવએ અભિનેતા સાથે સમય ગાળ્યો નથી અને તેમની શૈલીને અપનાવવાની જરૂરી સમજણ સાથે તેમને મદદ કરી છે પણ તેણે પોતાના ચાખડીની ને પણ ભેટ આપ્યો છે, જેમાં ક્રાંતિપ્રકાશ ઝા શોમાં પણ ઉપયોગ કરી રહ્યા છે.

આ અંગે વાત કરતા, ક્રાંતિપ્રકાશ ઝાએ કહ્યું, "હું જાણું છું કે સ્વામી રામદેવની ભૂમિકા ભજવવાનો એક વખત જીવન સમયની તક છે અને હું ભૂમિકાને ન્યાય કરવાના મારા શ્રેષ્ઠ પ્રયત્નો કરી રહ્યો છું. સ્વામી રામદેવ સાથે હું હરિદ્વાર ખાતે વિતાવતો સમય ક્યારેય ભૂલી શકતો નથી. હું બધી ઊર્જાને શોષી લેવા માટે ત્યાં હતો, મારી શીખવાની જરૂર છે જેથી હું પૂર્ણતા માટે સ્ક્રીન પરના સૌથી નાના નોન્સ કરી શકું. સ્વામી રામદેવે મને પોતાનું વ્યક્તિગત ચાખડી ભેટ આપ્યું ત્યારે મારી ખુશીની કોઈ મર્યાદા ન હતી. (૧૯-૮)

# પ્યોરસર્કલ ભારતીય ડાયટમાંથી ૨૦૨૦ સુધીમાં ૨૫૦ બીલીયન કેલેરી ઓછી કરશે



પ્યોરસર્કલ (એલએસઈ—પ્યોર), દુનિયાની અગ્રણી અને નવીનતા ધરાવતી મહાન સ્વાદ ધરાવતી સ્ટીવીયા ઘટકોની ઉત્પાદક જે વૈશ્વિક બેવરેઝીસ અને ખાદ્ય ક્ષેત્ર માટે વપરાય છે, તે આજે જાહેર કરે છે તેની ભારતીય ડાયટમાંથી ૨૦૨૦ સુધીમાં ભારતીય કંપનીઓને ૨૫૦ બીલીયન કેલેરી ઓછી કરવા માટે મદદ કરવા પ્રતિબદ્ધ રહેશે. વધતું મેદસ્વીપણું અને ડાયબીટીસ હેલ્થ પ્રેક્ટીશનર્સ, સરકારી એજન્સીઓ અને ભારતની જવાબદાર કંપનીઓની વધતી ચિંતા છે.

ડબલ્યુએચઓ અંદાજ લગાવે છે કે દર ૧૧ એ ૧ વ્યક્તિ (વિશ્વભરમાં૪૨૨ મીલીયન) ને ડાયાબીટીસ છે અને આગાહી કરે છે કે ૨૦૩૦ સુધીમાં, ડાયાબીટીસ એ મૃત્યુનું ૭મું અગ્રણી કારણ હશે. આને પહોંચી વળવા, આરોગ્ય સભાન ભારતીય ગ્રાહકો તેમની સુગર અને કેલરીમાં ઘટાડો કરવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે. પ્લાન્ટ બેઝ્ડ, ઝીરો—કેલરી, ટકાઉ અને સુંદર સ્વાદ ધરાવતું સ્વીટનર, સ્ટીવીયાએ વૈશ્વિક સ્તરે ખુબ જ સ્વીકાર મેળવ્યો છે. પ્યોરસર્કલે મહત્વના ફંડ અને સ્ત્રોતનું સ્ટીવીયાના બીજા વૈશ્વિક, કુદરતી સ્વીટનર તરીકે વિકસાવવા રીસર્ચ અને ડેવલપમેન્ટમાં રોકાણ કર્યું છે ઉચ્ચ-શુદ્ધતા સ્ટીવીયાના પાંદડાના અર્કને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે અને તેને નિયમનકારી સેફ્ટી સ્ટેમ્પની પરવાનગી મળી છે. (૧-૭)


Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, B-4, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Mayur C. Bhatt.


# ગુજરાતના પસંદ થયેલા ૬ સ્માર્ટ શહેરોના વિકાસ માટે કુલ રૂા. ૧૨,૧૫૮ કરોડના પ્લાનને મંજૂરી આપવામાં આવી છે - પ્રદિપસિંહ જાડેજા

વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અતિ મહત્વકાંક્ષી એવા સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં દેશના ૧૦૦ શહેરોની પસંદગી કરવામાં આવી છે. જેમાં, ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતના ૬ શહેરો માટે કુલ રૂા. ૧૨, ૧૫૮ કરોડના પ્લાનને મંજૂરી આપવામાં આવી છે, તેમ આજે ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. દેશના શહેરોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ કરી શહેરી જીવનની ગુણવત્તામાં મોટા પ્રમાણમાં સુધાર લાવવો તે સ્માર્ટ સીટી મિશનનો મુખ્ય ઉદ્દેશ છે. કેન્દ્ર દ્વારા સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાત માટે મંજૂર કરવામાં આવેલી રકમમાં અમદાવાદ સ્માર્ટ સીટી માટે એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ હેઠળ રૂા. ૧૮૨૧ કરોડના ૪ કામો તેમજ પાન સીટી હેઠળ રૂા. ૬૭૧ કરોડના ૬ કામો, સુરત સ્માર્ટ સીટી માટે એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ હેઠળ રૂા. ૧૮૦૨ કરોડના ૪૦ કામો તેમજ પાન સીટી હેઠળ રૂા. ૭૯૫ કરોડના ૧૯ કામો, વડોદરા સ્માર્ટ સીટી માટે એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ હેઠળ રૂા. ૧૬૭૬.૫૬ કરોડના ૪૯ કામો તેમજ પાન સીટી હેઠળ રૂા. ૩૩૨.૮૦ કરોડના ૧૨ કામો મંજૂર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત રાજકોટ સ્માર્ટ સીટી માટે એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ હેઠળ રૂા. ૨૧૭૭.૪૬ કરોડના ૦૮ કામો તેમજ પાન સીટી હેઠળ રૂા. ૪૪૫.૫૫ કરોડના ૦૬ કામો, ગાંધીનગર સ્માર્ટ સીટી માટે એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ હેઠળ રૂા. ૧૨૨૦ કરોડના ૨૬ કામો તેમજ પાન સીટી હેઠળ રૂા. ૧૮૮ કરોડના ૦૬ કામો તેમજ દાહોદ સ્માર્ટ સીટી માટે એરીયા બેઈઝડ ડેવલપમેન્ટ હેઠળ રૂા. ૮૫૭ કરોડના ૨૧ કામો તેમજ પાન સીટી હેઠળ રૂા. ૧૭૨ કરોડના ૧૫ કામો એમ મળીને કુલ ૨૧૨ કામો માટે રૂા. ૧૨,૧૫૮ કરોડના પ્લાનને મંજૂરી આપવામાં આવી છે. આ અગાઉ અમદાવાદ શહેર માટે રૂા. ૩૯૫.૭૫ કરોડ અને સુરત શહેર માટે રૂા. ૩૯૫.૭૫ કરોડ તેમજ વડોદરા શહેર માટે ૨૧૦.૫૦ કરોડ એમ કુલ રૂા. ૧૦૦૨ કરોડ સ્માર્ટ સીટી માટે ફાળવવામાં આવ્યા છે. તેમ મંત્રી શ્રી જાડેજાએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્માર્ટ સીટી મિશન અંતર્ગત બે ઘટકો જેમાં એરિયા બેઈઝડ ડેવલપમેન્ટ એટલે કે કોઇ ચોક્કસ વિસ્તારને આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા ઘટકમાં પેન સીટી ડેવલપમેન્ટ તરીકે સંપૂર્ણ શહેરને લાભ આપતી આઇ.ટી. અથવા ઈ-ગર્વનન્સની બાબતોનો સમાવેશ થાય છે. કેન્દ્રના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સીટી મિશન અંતર્ગત રૂા. ૪૮,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આમ મિશન અંતર્ગત વિવિધ રાજયોના આર્થિક અને ઔદ્યોગિક રીતે વિકસિત શહેરો, પાટનગર શહેરો, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક મહત્વ ધરાવતા ૧૦૦ શહેરોને 'સ્માર્ટ સીટી' તરીકે વિકસાવવામાં આવશે. પંસદગી પામેલા દરેક શહેરને પાંચ વર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી કુલ રૂા. ૧,૦૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

# શાંત અંતઃકરણ,દિવ્ય બુદ્ધિ અને માત્ર ચૈતન્યની ઈચ્છાજ સર્વે શ્રેષ્ઠ સિદ્ધિ છેઃસ્વામી શ્રી તદ્રુપાનંદજી



કેડિલા ફાર્માસૂટિકલ્સના સ્થાપક શ્રી ઈન્દ્રવદન મોદી તથા તેઓના ધર્મપત્ની શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યસ્મૃતિમાં કેડિલા ફાર્માસૂટિકલ્સપરિવાર દ્વારા આયોજિત "અષ્ટાવક્ર ગીતા ચિંતન સત્ર"ની સાત દિવસીય પ્રવચન શ્રેણીના પ્રથમ દિવસે પ્રવક્તા સ્વામી શ્રી તદ્રુપાનંદજીદ્વારાપ્રથમ ચરણ ઉપર ઉદ્દબોધ આપતાઆત્માના સ્વરૂપ અને આત્માની સાચી ઓળખ અંગે ચિંતનાત્મક પ્રવચન આપવામાં આવ્યું.

શ્લોકઃ૧૭ માં રાજા જનકને ઉપદેશ આપતા ઋષિ અષ્ટાવક્ર જણાવે છે કે આ જડ શરીર અને દિવ્ય ચૈતન્યરૂપ આત્મા બંને અલગ છે. શરીર તો ક્ષણભંગુર છે જયારે આત્મા અનંત, પરમ સાશ્વત અને નિર્વિકાર છે. આત્માને ન કોઈ લોભ છે, ન કોઈ સુખ-દુઃખ ની અભિલાષા છે. આત્મા જ પરમ બ્રહ્મરૂપ સર્વ શક્તિમાન પરમેશ્વરનું સ્વરૂપ છે અને તું આત્મા જ છે આમ, હે જનક તું જપરમ પરમાત્મા છે. હવે આ જ્ઞાન પામ્યા પછી તું કોઈપણ ઈચ્છા અપેક્ષા વિનાનો થા. વિકાર કે ચિંતા રહિત થઈ શાંત અંતઃકરણવાળો, દિવ્ય બુદ્ધિવાળો, ક્ષોભરહિત અને માત્ર ચૈતન્યની જ ઈચ્છાવાળો થા.

# "સંબંધોને એક અવકાશમાં પહોંચવા માટે સમયસર પહોંચવાની જરૂર છે,



તમે સિદ્ધાંતની ભૂમિકા કેવી રીતે ઉભી કરી? - હું વિવિધ પ્રોજેક્ટો માટે ઑડિશન કરતો હતો અને એક યોગ્ય માટે રાહ જોઈ રહ્યો હતો. એક દિવસ, શોના સર્જનાત્મક નિર્માતા ઉદય બેરીએ મને એક સભા માટે તેમના કાર્યાલયમાં બોલાવ્યા હતા અને તેઓએએક ઝડપી ઓડિશન કરી હતી. મને શોના નિર્માતા / લેખકને મળવાની - દિલીપ સર અને પ્રોજેક્ટ હેડ - શ્રી વિશાલ મહેરાનેતક પણ મળી. તેઓએ શો અને મારા પાત્ર વિશે વિગતો આપી હતી, જેણે મારીઅભિરુચિ વધારીહતી. આગામી થોડાક દિવસોમાં વસ્તુઓ ટૂંક સમયમાં અંતિમ રૂપ આપવામાં આવી હતી અને તે જાણતા પહેલા, અમે શૂટિંગ કરવાનું શરૂ કર્યું હતું!

૨. સિદ્ધાંતની આઘાતજનક લાક્ષણિકતાઓ વિશે અમને કહો. ભારતીય ટેલિવિઝન પર આ તમારી શરૂઆત છે, તમે આ રોલ માટે પોતાને કેવી રીતે તૈયાર કર્યા? જ્યારે હું ટીમને મળ્યો અને કથાને વર્ણવવામાં આવી ત્યારે મને આ પાત્રને મારી વાસ્તવિકતાની નજીક જોયું અને વાર્તામાં સાંભળીને મેં મારા માથામાં પાત્ર સાથે થોડા જોડાણો કર્યા. સિદ્ધાંત અત્યંત મહત્વાકાંક્ષી અને સંચાલિત વ્યક્તિ છે.એ પણ ભૂલશો નહી, તે મારા જેવા વકીલ છે! તેમની નજર એક ધ્યેય પર છે, જેના માટે તે કંઈપણ કરવા માટે તૈયાર છે. અનુષ્કાના બાળપણના મિત્ર અને પ્રેમની રુચિની લાગણીને પણ અવગણ્યું. તે પસંદગીઓ વિશેની બીજી એક કથા છે જે આપણે કોઈનાદિમાગ અથવા હૃદય સાથે કરી શકીએ છીએ !! મને ખાતરી છે કેએક બિંદુએદરેક વ્યક્તિકંઈકસમાન પસાર થયા હશે જેમ ચોકકસપણે મારૂ છે. (૧૯-૮)

# સાઈની વિભુતિમાં અબીરનો વિશ્વાસ



શિરડીના સાઈ બાબાના ભક્તો તેમની ચમક્તારિક શક્તિ અને તેમણે બધામાં પ્રસરાવેલા પ્રેમ અને સમાનતાના સંદેશથી માહિતગાર છે. તેઓ એ પણ જાણે છે કે લોકો જે બીમારીઓથી પીડાય છે તેની સારવારનો ઉકેલ પણ સાઈ પાસે છે. લોકવાયકા મુજબ સાઈએ શિરડીના મશિદમાં તેમના વિશ્રામના સ્થળે અખંડ ધુનિની સ્થાપના કરી હતી. તેઓ અનેક વખત આ ધુનિની રાખ લેતા અને ભક્તોને તેમની પીડા દૂર કરવા માટે આ રાખ આપતા.

લોકો પણ તેમના આપ્તજનોની બીમારીઓ દૂર કરવા માટે સાઈની આ વિભુતિ (પવિત્ર રાખ) તેમની સાથે લઈ જતા. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનની શ્રેણી 'મેરે સાઈ'માં તાજેતરમાં વાર્તા આ ધૂનિના મૂળ અને કેવી રીતે તે આજુબાજુના વિસ્તારમાં સાઈના અનેક ભક્તોના જીવન બદલી નાંખે છે તેની આસપાસ ચાલી રહી છે. 'મેરે સાઈ'માં સાઈ બાબાની ભૂમિકા ભજવતા અબીર સૂફી સાઈ બાબાના ભક્ત છે અને હંમેશા આ વિભુતિ તેમની સાથે રાખે છે.

અબીર સૂફી (સાઈ) કહે છે, 'સાઈ બાબા તેમના ભક્તોને રહસ્યમય રીતે મદદરૂપ થાય છે. આયુર્વેદિક દવાઓથી અસાધ્ય બીમારીઓ દૂર કરવા માટે પણ તે જાણિતા હતા અને પાછળથી તેમણે વિભુતિ (પવિત્ર રાખ)નું વિતરણ શરૂ કર્યું હતું.

હું જ્યારે પણ શિરડીની મુલાકાત લઉં છું ત્યારે હંમેશા મારી સાથે વિભુતિ લઈ આવું છું અને એક પણ દિવસ એવો નથી કે હું વિભુતિ લગાવ્યા વિના મારા ઘરની બહાર નીકળ્યો હોઉં. સાઈ બાબાએ જણાવ્યું હતું કે અનંત સમય સુધી ધુનિ ચાલુ રહેશે. (૧૯-૮)

# એન્ડ પિક્ચર્સ રજૂ કરે છે, હાઈ વોલ્ટેજ એક્શન મૂવી ટ્રાંસપોર્ટર રિફ્યુઅલ્ડ




ધ ટ્રાન્સપોર્ટર રિફ્યુઅલ્ડ, એ લોભી ફ્રેંક માર્ટીનની વાર્તા છે, જે પહેલા એક ખાસ ઓપ્સ તરીકે કામ કરતો હોય પરંતુ ચેસની એક રમતમાં રશિયન રાજાની સામે બદલો લેવા ઈચ્છતી એક જીવલેણ મહિલાના હાથે ટ્રેપ થાય છે. સારામાં સારી કારનો પીછો કરવાની આવડત, એક્શન પેક્ડ સિકવન્સ અને ભયજનક સ્ટંટની સાથે આ એક્શન - પેક્ડ મૂવી, થ્રીલરના ચાહકોને ઉત્તેજીત કરશે. એડ સ્ક્રેઇન, રે સ્ટેવન્સન, લોન ચેબનોલ અને ગેબ્રિએલ રાઈટ દ્વારા અભિનિત આ ટ્રાન્સપોર્ટર સિરીઝની ચોથી મૂવી છે. જે એન્ડ પિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, શુક્રવાર, ૯મી માર્ચ ૨૦૧૮ના રોજ સાંજે ૮ વાગે.

ફ્રેન્ક માર્ટીન (એડ સ્ક્રેઇન), એ એક ખાસ ભૂતપૂર્વ ભાડૂતી ઓપ્સ છે, જે હવે ઓછું ખતરનાક જીવન જીવવા ઈચ્છે છે કે હવે તે, વિચારે છે- શંકાસ્પદ લોકોના પેકેજ માટેનું વર્ગીકરણ કરી આપે છે. જ્યારે ફ્રેન્કના પિતા (રે સ્ટિવન્સન) તેના ફ્રાન્સના દક્ષિણ વિભાગની મુલાકાત લેવા કહે છે. ત્યારે પિતા- દિકરાનું જોડાણ નબળું સપ્તાહના અંતે, અત્યંત ખરાબ વણાંક લે છે, જ્યારે ફ્રેન્ક એક જીવલેણ સ્ત્રી એના સાથે જોડાઈ છે અને દેશની ઓર્કેટ્રેક્ટ ધ બેંક હાઈસ્ટને ત્રણ મોહક સાઈડકીક કરવા ઈચ્છે છે. ફ્રેન્કએ તેનો કવર્ટ નિષ્ણાંતતા અને ઝડપી કાર, ઝડપી ડ્રાઈવિંગ અને ઝડપથી રશિયન જીવલેણ મહિલાઓને શોધી અને તેમાંથી ખરાબને શોધવાની છે અને તેની આ ભૂખ તેને ચેસની એક ખતરનાક ગેમમાં લઈ જાય છે, જેમાં અત્યંત આકર્ષક મહિલાઓની ટીમ બદલો લેવા માટે તૈયાર છે. (૧૯-૮)

# મણિપાલ એકેડમી ઓફ હાયર એજ્યુકેશને વિષય આધારે ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં પોઝિશન હાંસલ કરી

**બેંગ્લોર,** મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન (એમએએચઇ), ભારતની અગ્રણી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પૈકીની એક, એ વિષય ૨૦૧૮ સુધીમાં ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કીંગ્સમાં તેના એસેન્શનની જાહેરાત કરી હતી. મેડિસિન માટે વિષય રેન્કિંગ હેઠળ, એમએએચઇએ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે અને હાલમાં તે ૪૦૧-૪૫૦ ના જૂથમાં છે, જે ગયા વર્ષે ૪૫૧-૫૦૦ જૂથની શ્રેણીમાં સ્થાન પામ્યું હતું તેના કરતાં ૫૦ હોદ્દાઓની લીપ છે. ૨૦૧૮ માં ફાર્મસી અને ફાર્માકોલોજી વિષયના ક્રમાંક હેઠળ એમએએચઇ ૨૫૧-૩૦૦ ની રેન્કિંગ રેંજમાં વિશેષતા ધરાવે છે. ગયા વર્ષે એમ.એચ.ઇ. એ ભારતની એકમાત્ર ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થા હતી જે ક્યુએસ વિશ્વ-રેન્કિંગ યાદીમાં દર્શાવવામાં આવી હતી.

વિષય દ્વારા ક્યુએસ વિશ્વ વિશ્વવિદ્યાલય રેંકિંગ્સે વ્યક્તિગત વિષય વિસ્તારોમાં વિશ્વની ટોચની યુનિવર્સિટીઓનું આયોજન કર્યું છે, જે ૨૦૧૮ સુધીમાં ૪૮ વિષયોને આવરી લે છે. વિષય દ્વારા વાર્ષિક ક્યુએસ વિશ્વ યુનિવર્સિટી રેંકિંગ્સે શૈક્ષણિક પ્રતિષ્ઠા, નોકરીદાતાના પ્રતિષ્ઠા, સંશોધનના સંદર્ભો અને અસરની સરખામણી કરી છે. દરેક સ્રોતનો ઉપયોગ કરીને ચાર સ્રોતોનો ઉપયોગ કરીને સંકલન થાય છે. આમાંથી પ્રથમ બે ક્યુએસના વિદ્વાનો અને રોજગારદાતાઓના વૈશ્વિક સર્વેક્ષણ છે, જેનો ઉપયોગ દરેક વિષયમાં સંસ્થાઓની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને આકારણી કરવા માટે થાય છે. બીજા બે સૂચકાંકો સંબંધિત વિષયમાં કાગળના સંશોધન અને એચ-ઈન્ડેક્સ પર આધારિત સંશોધન અસરને આકાર આપે છે. આ ચાર ઘટકો દરેક વિષયની રેન્કિંગમાં પરિણામોનું ઉત્પાદન કરવા માટે જોડવામાં આવે છે, જેમાં પ્રત્યેક શિસ્તને અનુરૂપ વજન ધરાવે છે. (૨૦-૪)


यूनाइटेड बैंक ऑफ़ इंडिया
United Bank of India
प्रधान कार्यालय : 11, हेमन्त बसु सरणी, कोलकाता - 700 001
Head Office : 11, Hemanta Basu Sarani, Kolkata - 700 001
E-mail . utbihoc@vsnl.com/homail@unitedbank.co.in

ફોન નં.: ૦૭૯-૨૫૫૦૭૦૩૨/૩૬
ફેક્સ : ૦૭૯-૨૫૫૦૭૦૩૪
ઈ-મેઈલ : advahb@unitedbank.co.in

રિજનલ ઓફિસ, અમદાવાદ ક્ષેત્ર,
યુબીઆઈ ભવન, લાલ દરવાજા,
અમદાવાદ-૩૮૦૦૦૧.

પરિશિષ્ઠ-૪
કબ્જા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

આથી, નીચે સહી કરનાર **યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકંસ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (ઇનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪)ના રૂલ ૩ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ, **તારીખ ૦૨.૦૧.૨૦૧૮**ના રોજ એક **માંગણા નોટીસ** આપી (કરજદાર(રો)) શ્રી કીર્તીભાઈ ડાયાભાઈ પટેલ અને (સહ કરજદાર) શ્રી મહેશભાઈ ડાયાભાઈ પટેલ ફ્લેટ નં. ૪૦૧, ૪થો, માળ, ઉત્સવ વૈલી ત્રાગણ રોડ, ચાંદખેડા, અમદાવાદ- ૩૮૨૪૭૦ ને નોટીસમાં જણાવેલ **રૂા.૨૦,૩૬,૭૫૨.૦૦/- (રૂપિયા વીસ લાખ છત્રીસ હજાર સાત સૌ બાવન માત્ર)** જણાવેલ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવણી કરવા જણાવવામાં આવ્યું હતું. કરજદાર નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ ચુકવવામાં નિષ્ફળ જતા અહી કરજદાર/ જામીનદાર અને સામાન્ય લોકોને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના સેક્શન ૧૩ની પેટા કલમ (૪) સાથે નિયમ ૮ વાંચતા તેના હેઠળ મળેલી સત્તા હેઠળ **છઠી માર્ચ,૨૦૧૮ના** રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/ તેણી નામે રહેલ મિલ્કતનો કબ્જો લીધો છે.કરજદારના એ ધ્યાનમાં રહે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે.

કરજદાર અને ખાસ કરી આમ લોકોને અહી મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર નહીં કરવા ચેતવણી આપવામાં આવે છે અને જો મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર **યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા,** ને તાબામાં **રૂા.૨૦,૩૬,૭૫૨.૦૦/-** અને બાકીનું વ્યાજ જે કોઈ હોય તો તેના અધિન રહેશે.

સ્થાવર મિલ્કતનો વર્ણન

મુકેલ મિલકત ફ્લેટ નં. ૪૦૧, ચૌથો માળ, ઉત્સવ વૈલી, ત્રાગણ રોડ ચાંદખેડા અમદાવાદ - ૩૮૨૪૭૦ સ્થિત છે. **જેનો વેચાણ કરાર નંબર -૧૩૪૩ તારીખ ૦૨.૦૨.૨૦૧૬, માપ ૧૩૮ સ્કેવર મીટર્સ (સુપર બિલ્ટ અપ એરીયા), જે રેવેન્યુ સર્વે નં. ૨૮૦/૨ ટીપીએસ નં. ૬૯,મૌજે : ત્રાગણ, તાલુકો અમદાવાદ- ૩૮૨૪૭૦ માં જોડાયેલ છે.**

જે મિલકત **શ્રીકિર્તીભાઈ ડાયાભાઈ પટેલ અને મહેશભાઈ ડાયાભાઈ પટેલના નામે છે.**

**તેની ચારે બાજુ :**
ઉત્તરની તરફ - ફ્લેટ નં. ૪૦૪ નો પૈસેજ.
દક્ષિણની તરફ - ૧૫ મીટર્સ ટી.પી. રોડ.
પૂર્વની તરફ - એફ.પી. નં.-૨૧૫ની જગ્યા
પશ્ચિમની તરફ - ફ્લેટ નં.-૪૦૨.

તારીખ : ૦૬/૦૩/૨૦૧૮
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી
(યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા)



ભારત સરકાર, અંતરીક્ષ વિભાગ,
નિર્માણ અને અનુરક્ષણ સમૂહ (સીએમજી),સીવિલ અને બિજળી વિભાગ,
અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર (સૈક) / જોધપુર ટેકરા, આંબાવાડી વિસ્તાર, પો.ઓ.
અમદાવાદ-૩૮૦૦૧૫ ફોન નં. (૦૭૯) ૨૬૯૧૪૯૪૦ / ૪૯૨૬ / ૪૯૦૧, ફેક્સ નં. (૦૭૯) ૨૬૯૧૫૮૫૩

સંક્ષિપ્ત ઈ-ટેન્ડર નોટીસ
નિવિદા નોટીસ નં.: સૈક/સીએમજી/ સી એન્ડ ઈડી/સી/ઈ/૧૫૦ થી ૧૫૭/૨૦૧૭- ૧૮ અને તારીખઃ ૦૫.૦૩.૨૦૧૮

ભારતના રાષ્ટ્રપતિ ધ્વારા નીચે જણાવેલ કામો માટે, ઈ-ટેન્ડરીંગ ધ્વારા ઓનલાઈન આઈટમ નિવિદાઓ મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નં. | કાર્યનું શીર્ષક | ટેન્ડર માટે અનુમાનિત લાગત રૂપિયામાં | પૂર્ણ કરવાની સમયાવધિ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઈનલોડ કરવાની અવધિ | સબમિશન કરવાની છેલ્લી તારીખ અને સમય | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) રૂા. |
|---|---|---|---|---|---|---|
| સી-૧૫૦ | સૈક કેમ્પસ, અમદાવાદની લેબોરેટરી- ૧ અને ૨ માટે એમઆરએસએ ના બિલ્ડિંગ નં. ૫૨ના ત્રીજા માળમાં વર્ટીકલ એક્સટેન્શન કરવું. | ૩૨.૦૬ લાખ | ૦૬ મહિના | ૦૭.૦૩.૨૦૧૮ (૧૧.૦૦ વાગ્યા) થી ૧૫.૦૩.૨૦૧૮ (૧૭.૦૦ કલાક સુધી) | ૧૯.૦૩.૨૦૧૮ એ ૧૭.૦૦ વાગ્યા સુધી | ૬૪,૧૨૦/- |
| સી-૧૫૧ | વિક્રમનગર ડીઓએસ હાઉસિંગ કાલોની, અમદાવાદના ડી૧૦ અને ડી૧૧ બ્લોક્સના આંતરિક અને બાહરી વિસ્તાર માટે પેરીઓડીકલ પેન્ટીંગ કરવું. | ૩૧.૩૧ લાખ | ૦૪ મહિના | | | ૬૨,૬૨૦/- |
| સી-૧૫૨ | ડીઓએસ હાઉસિંગ કાલોની, વિક્રમનગર, અમદાવાદમાં રેન વોટર હાર્વેસ્ટીંગ અને ગ્રાઉન્ડ વોટર રિચાર્જ સિસ્ટમ માટે પરકોલેશન કુવો બનાવવો. | ૨૨.૧૮ લાખ | ૦૪ મહિના | | | ૪૪,૩૬૦/- |
| સી-૧૫૩ | સૈક કેમ્પસ, અમદાવાદમાં બિલ્ડિંગ નં. ૨૮-ઈ (સીઆઈએસએફ ઓફિસ બિલ્ડિંગ ) સાથે ડાક્યુમેંટ સેક્શનનું નવીનીકરણ. | ૨૦.૩૨ લાખ | ૦૪ મહિના | | | ૪૦,૬૪૦/- |
| સી-૧૫૪ | ન્યુ સૈક કેમ્પસ, બોપલ, અમદાવાદના રેસીડેન્શીયલ એરીયાના સિવેજ સેમ્પલેસનું ટેસ્ટીંગ અને સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મરમ્મત તથા સંચાલન માટે રેટ કોન્ટ્રાક્ટ. | ૦૬.૯૬ લાખ | ૧૨ મહિના | ૧૨.૦૩.૨૦૧૮ (૧૧.૦૦ વાગ્યા) થી ૨૧.૦૨.૨૦૧૮ (૧૭.૦૦ કલાક સુધી) | ૨૩.૦૩.૨૦૧૮ એ ૧૭.૦૦ વાગ્યા સુધી | ૧૩,૯૨૦/- |
| સી-૧૫૫ | ૩૯ એકર ,ન્યુ સૈક કેમ્પસ, બોપલ, અમદાવાદના એલટીવીસી બિલ્ડિંગના થર્મોવેક પ્લાન્ટ રૂમ અને સેસ્મિક બ્લોક એરીયાના ફ્લોર ઉપર એપોક્સી પેઈન્ટનો એક કોટ લગાવવાની વ્યવસ્થા. | ૦૪.૬૯ લાખ | ૦૧ મહિના | | | ૦૯,૩૮૦/- |
| સી-૧૫૬ | ન્યુ બોપલ કેમ્પસ, અમદાવાદ ટેકનીકલ એરીયામાં હાલના ટોયલેટ્સ માટે ફિક્સીંગ પીએચ ફિટિંગ અને સપ્લાઈ તથા ઈન્ટેગ્રેશન લેબ બિલ્ડીંગના પહેળા માળ માં પે-લોડ માટે ટોયલેટ બનાવવા. | ૦૩.૯૬ લાખ | ૦૨ મહિના | | | ૦૭,૯૨૦/- |
| સી-૧૫૭ | સૈક કેમ્પસ, અમદાવાદના બિલ્ડિંગ નં. ૩૦-ડીના રિસેપ્શન ઓફિસના રૂમ નં. ૩૦૬૦ નું નવીનીકરણ . | ૦૩.૭૪ લાખ | ૦૩ મહિના | | | ૦૭,૪૮૦/- |

નિવિદા દસ્તાવેજ વેબસાઈટ www.tenderwizard.com/ISRO થી નિવિદા વિજાર્ડ ની સાથે રજીસ્ટ્રેશન કરી અને ટેન્ડર પ્રોસેસીંગ ફી ની ચુકવણી કરી ડાઉનલોડ કરી શકાય છે. વિક્રેતા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ઉપરોક્ત વેબસાઈટ ઉપર છે. ટેન્ડર પ્રોસેસીંગ ફીની ચુકવણી ઈ-ગેઈટવે ધ્વારા મે. આઈટીઆઈ લી. ને કરવામાં આવે.

ઈચ્છુક નિવિદાકારો અન્ય માહિતી માટે કૃપા કરી વિસ્તૃત આમંત્રણ સૂચના (એનઆઈટી)નો સંદર્ભ ગ્રહણ કરે, આને વેબસાઈટ www.isro.gov.in અથવા www.sac.gov.in. થી ડાઉનલોડ કરી શકાય છે. વધારે માહિતી અને ટેન્ડર દસ્તાવેજ ખરીદવા માટે વેબસાઈટ www.tenderwizard.com/ISRO નું અથવા શ્રી સુનીલ પટેલ ( મેસર્સ આઈટીઆઈ લી.) ના મો. નં. ૯૭૧૪૮૮૧૯૯૨ નો સ્પષ્ટીકરણ માટે સંપર્ક કરી શકે છે.

સમૂહ નિદેશક, સીએમજી



સૂચના
કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com